
સદ્ભાવના™
વૃદ્ધાશ્રમ
SADBHAVNA
VRUDHASHRAM

दयाहीनं निष्फलं स्यान्नास्ति धर्मस्तु तत्र हि |
एते वेदा अवेदाः स्यु र्दया यत्र न विद्यते ||







# અમારે માવતર જોઈએ છે

સદ્દભાવના વૃદ્ધાશ્રમમાં જે માવતરને દીકરા ના હોય એવા જ માવતરને પ્રવેશ આપવામાં આવે છે.

કેન્સરગ્રસ્ત, પેરેલાઈઝડ અને કોમ માં હોઈ એવા કોઈ પણ ઉંમરના વ્યક્તિ ને પ્રવેશ આપવામાં આવે છે.

સદ્દભાવનામાં રહેનાર કોઈ પણ વ્યક્તિ પાસે થી કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી, અહીંયા રહેવાની સગવડ, મેડિકલ ખર્ચ સાથે તમામ વ્યવસ્થા નિઃશુલ્ક છે.


वसुधैव कुटुम्बकं





# દાતાશ્રીઓને અપીલ





## દાનની વિગત

- સવાર નાસ્તો - રૂા.૧૫૦૦/-
- ચા-પાણી (બપોરના ૩-૩૦ વાગ્યે) - રૂા.૫૦૦/-
- સાદું ભોજન - રૂા.૨૫૦૦/-
- મિષ્ટાન ભોજન - રૂા.૫૦૦૦/-
- સાદું ભોજન આખો દિવસ - રૂા.૭૦૦૦/-
- આખા દિવસ સંપૂર્ણ ખર્ચ - રૂા.૧૦૦૦૦/-
- આજીવન તિથિ ભોજન - રૂા.૫૧૦૦૦/-
- આજીવન તિથિ ભોજન (મિષ્ટાન) - રૂા.૭૧૦૦૦/-

**હાલ અત્યારે સદ્‌ભાવના વૃદ્ધાશ્રમમાં 550 થી વધુ નિરાધાર અને નિઃસંતાન માવતર રહે છે.**

**તિથિ ભોજન માટે સંપર્ક +91 80002 88888**

# માવતર દત્તક

આશીર્વાદ

**રૂા. 51.000 /- આપી એક વર્ષ માટે**
**એક માવતર દત્તક લઈ પુણ્યના ભાગીદાર બનીએ.**



સ્થળ : પીપળીયા ભવન સ્વામિનારાયણ ગુરુકુળ સામે, ગોંડલ રોડ, ફાટક પાસે, ઓવરબ્રિજની નીચે, ડી-માર્ટ વાળી શેરી, રાજકોટ - 360004. | +91 93286 69905

દાતાશ્રીઓના સહૃદય સહયોગથી નિર્માણ પામી રહેલ...
200 કરોડના ખર્ચે, 30 એકર જેટલી વિશાળ જગ્યામાં,
2000 વડીલોનાં આશ્રયસ્થાન એવાં સદ્ભાવના ધામની આછેરી ઝલક..









# નવા વૃદ્ધાશ્રમમાં દાન આપવા માટેની વિગત

| | |
|---|---|
| મુખ્ય નામ | 5 કરોડ |
| જમીનના દાતા | 3 કરોડ |
| મુખ્ય બિલ્ડીંગ નામ | 2.5 કરોડ |
| ભોજનશાળા | 1 કરોડ |
| કિચન | 51 લાખ |
| મંદિર | 51 લાખ |
| દરેક માળ | 51 લાખ |
| લાયબ્રેરિ | 21 લાખ |
| રૂમ | 11 લાખ |

**નવનિર્માણ પામી રહેલ ભવનનાં સાત સંકુલ છે, અહીં આપેલ દાનની માહિતી એક સંકુલની છે.**













# બળદ આશ્રમ

સંસ્થાએ એક અનોખી પ્રવૃત્તિનો આરંભ કરીને, તદ્દન નવો ચીલો ચાતર્યો છે. એ પ્રવૃત્તિ એટલે 'બળદ આશ્રમ' એટલે કે બળદો માટેનો આશ્રમ. ગૌવંશનું હિત જોનારી આપણી સંસ્કૃતિમાં ગાયોની માવજત, સારવાર અને સેવા તો સહુ કરે છે. પણ બળદો પ્રત્યે સમાજમાં સંપૂર્ણપણે દુર્લક્ષ્ય સેવાતું જોવા મળ્યું છે. ત્યારે અમારી સંસ્થાએ ખાસ નોધારા, અશક્ત અને બીમાર બળદો માટે 'બળદ આશ્રમ' બનાવવાની પહેલ કરી. સંસ્થાના આ નવા પરિમાણથી, આજ સુધી તરછોડાયેલી સ્થિતિ પામેલા ગૌવંશના અબોલ જીવને બચાવવાની ખેવના સાકાર થઇ રહી છે. અમારા આ નવતર પ્રયાસ થકી અત્યારે **1500** જેટલા બળદો સંસ્થાના આશ્રિત છે, જ્યારે અમારું લક્ષ્ય **10000** બળદોનું છે.















# શ્વાન આશ્રમ

**ભગવદ્ ગીતાના પાંચમા અધ્યાયના અઢારમા શ્લોકમાં કંઇક એવું કહેવાયું છે કે, જે વ્યક્તિ બ્રાહ્મણની જેમ જ ગાય, હાથી, કૂતરા અને ચંડાળને પણ સમદૃષ્ટિથી જોવે છે, તેને જ જ્ઞાની કહેવાય.**

ભગવદ્ ગીતાજીના એ કથનને અમે સુપેરે અમારાં જીવનમાં ઉતાર્યું છે. સદ્ભાવના વૃદ્ધાશ્રમેં માનવસેવાની સાથેસાથે જેમ વૃષભ – એટલે કે બળદની સેવાના ઉદ્દેશથી બળદ આશ્રમની પહેલ કરી. એ જ રીતે, મૂંગા, અશક્ત, બીમાર, રોગી, અપંગ, ઘાયલ અને લોકોનો માર-ફિટકાર સહેતાં, શેરીઓમાં નધણિયાતી હાલતમાં રખડતાં કૂતરાંઓને પણ સદ્ભાવનાએ આશ્રય આપવાની, સારવાર કરવાની અને તેમની સુશ્રુસા કરવાની પહેલ કરતાં, 'શ્વાન આશ્રમ'ની સ્થાપના કરી છે.

આ ઉમદા હેતુ અંતર્ગત, અમે 21 હજાર સ્ક્વેર ફીટનો, વિશાળ શ્વાન આશ્રમ શરૂ કર્યો છે. જેમાં હાલ 110 એવાં કૂતરાંઓ છે. જે દયનીય હાલતમાં, શેરીઓમાં, ભૂખ્યાં-તરસ્યાં રખડતાં હતાં. જેમાંના મોટાભાગનાં કૂતરાં કાં તો અપંગ થઇ ગયાં હોય, કેટલાંક વળી કેન્સર કે પેરેલિસિસ અને ચર્મરોગ જેવી જીવલેણ વ્યાધિથી પીડાતાં હોય. કેટલાંક કૂતરાંઓ વળી તેમની દૃષ્ટિ ગુમાવી ચૂક્યાં હોય... આવાં તમામ કૂતરાંઓને સદ્ભાવના શ્વાન આશ્રમે આશ્રય જ આપ્યો છે, તેટલું જ નહીં. આ તમામ કૂતરાંઓની યોગ્ય સારવાર, માવજત કરવાની સાથે તેમના શેષ જીવનને પીડારહિત બનાવવા તરફ પગલું ભર્યું છે... જીવદયાભર્યું પગલું.

આપની નજરમાં પણ કોઈ આવું લાચાર અને અબોલ પ્રાણી આવી જાય, તો આપ અમારો સંપર્ક નીચે આપેલા મોબાઇલ નંબર પર કરી, અમારા સેવાયજ્ઞના ભાગીદાર બની શકો છો.

Contact 7485922224











સદ્ભાવના™
વૃદ્ધાશ્રમ

ચાલો સૌ સાથે મળીને
આપણી ધરતીને
હરિયાળી બનાવીયે.






સદ્દભાવના વૃધ્ધાશ્રમ દ્વારા છેલ્લા દસ વર્ષથી વાવેતર અને વૃક્ષ જતનની કામગીરી કરવામાં આવે છે. પીંજરા સાથે વૃક્ષ વાવી ત્રણ વર્ષ સુધી નિયમિત પાણી પીવડાવી જતન કરી ઉછેર કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં **25,00,000 (પચીસ લાખ)** થી પણ વધુ વૃક્ષો વાવી જતન કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી માટે સંસ્થા પાસે **250 ટ્રેક્ટર**, **250 ટેન્કર** અને **1000 માણસો**નો પગારદાર સ્ટાફ છે. વાવેલ તમામ વૃક્ષનું જતન થાય એ રીતે સંસ્થા કામ કરે છે

- વૃક્ષ, ટ્રી ગાર્ડ, વૃક્ષને પાણી આપવા માટે ટેન્કર, ટ્રેક્ટર, ડીઝલ અને ડ્રાઈવર-મજુર તથા દેખરેખ સાથે ત્રણ વર્ષ સુધી તમામ રીતે વૃક્ષ દીઠ રૂ.3000/- નો ખર્ચ થાય છે
- એક વૃક્ષ દત્તક લેવા માટે રૂ. 3000/- નું અનુદાન આપવાનું છે -કંપનીના CSR ફંડમાંથી વૃક્ષ દત્તક લઇ શકાય છે.
- દરેક વૃક્ષના ટ્રી ગાર્ડ ઉપર દાતાશ્રીના નામની પ્લેટ લગાડવામાં આવશે.
- વૃક્ષારોપણ થઇ ગયા પછી કયું ઝાડ ક્યાં વાવ્યું છે એ લોકેશન સાથે નંબર વાઈઝ ફોટોગ્રાફ વોટ્સએપ દ્વારા દાતાશ્રીને મોકલવામાં આવશે -દર ત્રણ મહિને વૃક્ષોના તાજેતર ફોટોગ્રાફ વોટ્સએપ દ્વારા દાતાશ્રી મોકલવામાં આવશે.
- ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન કોઈ પણ વૃક્ષ સુકાય જાય કે કોઈ કારણસર તેને નુકસાન પહોંચે તો તેની જગ્યાએ નવું વૃક્ષ રોપી દેવાની આવશે. આમ છતાં કોઈપણ સંજોગોવસાત ત્રણ વર્ષ પછી કોઈ વૃક્ષ સંપૂર્ણ નાશ પામેલ હશે તો દાતાશ્રી પાસેથી લીધેલ રકમ પરત આપવામાં આવશે
- દેશી કુળના વૃક્ષ જેવા કે વડ, પીપળો, ઉમરો, લીમડો આ વૃક્ષો 200 કે તેથી વધુ વર્ષોનો આયુષ્ય ધરાવતા હોય છે. આવા દેશી કુળના વૃક્ષો વાવી 200 વર્ષ સુધી પક્ષીઓ માટેનું અન્નક્ષેત્ર ઉભું કરી શકાય.





# સદ્ભાવના™
## વૃદ્ધાશ્રમ

**માનવ સેવા ચૅરિટેબલ ટ્રસ્ટ**
પીપડીયા ભવન, સ્વામિનારાયણ મંદિર સામે, ગોંડલ રોડ રાજકોટ.
મો. ૮૫૩૦૧ ૩૮૦૦૧, ૮૦૦૦૨ ૮૮૮૮૮.

www.sadbhavnadham.org

Follow us :

DESIGN & PRINTING BY: ASENSE BRANDING 99987 21640